સ્વયં ને મનુષ્ય બનાવવાનો પ્રયત્ન કરવો, જો એમાં સફળ થઇ ગયા તો દરેક કાર્યમાં તમને ચોક્કસ સફળતા મળશે
- માનસસૂત્ર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૬૧ | ૪ ડિસેમ્બર, ૨૦૧૪, ગુરૂવાર ; માગશર સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# દબાણમુક્ત-રળિયામણુ નગર બનાવવા તંત્ર હરકતમાં

## સે. ૨૪, અક્ષરધામ તેમજ વન વિભાગની જમીન પરના દબાણો દૂર કરાયા : શહેરના માર્ગોની સફાઈ માટે પણ તાકીદ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરમાં આગામી જાન્યુઆરીમાં યોજાનાર વાયબ્રન્ટ સમીટને લઈ દબાણમુક્ત પાટનગર બનાવવા તંત્રએ તેની કામગીરી વેગીલી બનાવી દીધી છે. ત્રણ થી વધુ ટીમો દ્વારા દબાણ હટાવવાની કામગીરી શહેરના જુદા જુદા વિસ્તારોમાં હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગર દબાણ મામલતદાર દ્વારા આજે સે. ૨૪માં ૬૦ થી વધુ ઝુંપડાઓ ધરાશયી કરી દેવામાં આવ્યા હતા. આ વિસ્તારમાં ઝુંપટપટ્ટીનુંપ્રમાણ વધુ હોવાથી ત્યાં આજે બે થી વધુ ટીમો કામે લગાડવાનું આયોજન કરવામાં આવ્યાનું જાણવા મળેલ છે.

વન વિભાગ દ્વારા પણ વન વિભાગની જમીનો પર આડેધડ થયેલા દબાણોને દૂર કરવાની કામગીરી હાથ ધરી દેવામાં આવી છે. આ ઉપરાંત માર્ગ-મકાન વિભાગ દ્વારા પણ દબાણ દૂર કરવાની કામગીરી ચાલી રહી છે.

અક્ષરધામની સામેના વિસ્તારમાં પણ થયેલા દબાણો પણ દૂર કરી દેવામાં આવ્યા છે.

દરમ્યાન શહેરના બ્યુટીફીકેશનને લઈ ગાંધીનગર કલેક્ટરે બોલાવેલી બેઠકમાં પણ દબાણોનો મુદ્દો જ છવાયેલો રહ્યો હતો. અગિયારથી પણ વધુ બાબતો પરની ચર્ચામાંથી ૬૦ ટકા મુદ્દાઓમાં દબાણની સમસ્યા સ્પષ્ટ દેખાઈ આવી હતી. પાટનગર એ દબાણ નગરી બની ગઈ હોવાથી હવે દબાણો સંપૂર્ણપણે દૂર કરવામાં આવશે.

શહેરના કેટલાક વિસ્તારોમાં ધાર્મિક દબાણો દૂર નહિ કરાવાનું ધ્યાને આવતાં કલેક્ટરે તે બાબતે પણ તંત્રના અધિકારીઓને દૂર કરવા માટેની કડક સૂચનાઓ આપી હતી.

આ ઉપરાંત રસ્તાઓના બ્યુટીફીકેશન તથા રસ્તા વચ્ચેના ડિવાઈડર વગેરે પર ઉગાડવામાં આવેલ વૃક્ષોના ટ્રીમીંગ તેમજ તેના મેન્ટેનન્સ માટે એક અધિકારીની નિમણુંક કરવા કલેક્ટરે જણાવ્યું છે.

સર્કલોની સફાઈ તેમજ તેની આસપાસના માર્ગોની સફાઈ ઉપરાંત વન વિસ્તારની જગ્યામાં ઉગી ગયેલા નકામા વૃક્ષો કે ઘાસને પણ દૂર કરવા વન વિભાગને કડક તાકીદ કરવામાં આવી છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

...તોય એમનું એમ - વાયબ્રન્ટ પૂર્વે શહેરને ચોખ્ખુચણાક કરવાના લક્ષ્ય સાથે કામ કરતાં સફાઈ કામદારો કે તેમના સુપરવાઈઝરો સુપ્રિમ કોર્ટના ચુકાદાને પણ ઘોળીને પી જાય છે... અનેક વખત અખબારોમાં તસવીરો છપાઈ, મસમોટા લેખ લખાયા, ચર્ચાઓ થઈ, ઠરાવો થયા પણ અમે તો નહિ સુધરવાનું પણ લઈને બેઠા છીએ, કચરો જાહેરમાં સળગાવવાનું.... આજકાલ ગાંધીનગરના જાહેર માર્ગો પર કચરો સળગાવવાના દૃશ્યો ઠેર-ઠેર જોવા મળે છે... પ્રદૂષણના મામલે જાણે આપણે ગંભીર જ નથી એવી બેફિકરાઈથી સ્વચ્છતાના નામે આડેધડ કામગીરી કરીએ છીએ... સ્વચ્છતા અનિવાર્ય છે પરંતુ સાથે સાથે પર્યાવરણની જાળવણી પણ એટલી જ અનિવાર્ય છે... આવો ગાંધીનગરને સ્વચ્છ પણ બનાવીએ અને સ્વસ્થ પણ બનાવીએ....

# રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશનના અમલી માટે સીટી મેનેજમેન્ટ યુનિટ રચાશે

## ગાંધીનગર, કલોલ, ડીસા, હિંમતનગર, મોડાસા, પાટણ, મહેસાણા અને પાલનપુરનો સમાવેશ

ગાંધીનગર, તા. ૩

રાજ્યની ૮ મહાનગર પાલિકાઓ અને ૩૦ નગરપાલિકાઓમાં રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશનનો પ્રાયોગિક ધોરણે અમલ શરૂ કરવામાં આવ્યો છે અને આ માટેના મિશન મેનેજમેન્ટ માટે શહેરી વિકાસ વિભાગે ચારસોથી વધુ જગ્યાઓ ઉભી કરવાની મંજૂરી આપી છે.

ગાંધીનગર મહાનગરપાલિકા સહિતની ૮ મહાનગરપાલિકાઓ તેમજ કલોલ નગરપાલિકાનો આ પ્રાયોગિક પ્રોજેક્ટમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

ગાંધીનગર મહાનગર પાલિકામાં આ પ્રોજેક્ટ મોટ ૨ સમાજ સંગઠક, ૧ સોશ્યલ મેનેજર, ૧ મેનેજર સ્કીલ મળી કુલ ૪ જગ્યાઓ મંજૂર કરવામાં આવી છે. જ્યારે કલોલ નગરપાલિકા માટે પણ આવી જ ૪ જગ્યાઓ મંજૂર કરવામાં આવી છે.

તાજેતરમાં રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશનની મળેલ સમીક્ષા બેઠકમાં આ માટે મિશન મેનેજમેન્ટ યુનિટની રચના કરવા અંગે વિસ્તૃત ચર્ચાઓ થઈ હતી અને ત્યારબાદ સરકારે હવે આ માટે સ્ટાફ પેટર્ન નિયત કરી આપી છે.

રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન અંતર્ગત મહાનગરપાલિકા અને નગરપાલિકા વિસ્તારમાં ઓછામાં ઓછા ૩ હજાર બી.પી.એલ. પરિવાર દીઠ એક સમાજ સંગઠકની કરાર આધારિત ભરતી કરવાની રહેશે. આ માટેના તાંત્રિક તજજ્ઞોની ભરતી માટે ૩૫ વર્ષની વયમર્યાદા નિયત કરવામાં આવી છે.

આ મિશન મેનેજમેન્ટ યુનિટમાં મ્યુનિ. કમિશનર તેના ચેરમેન રહેશે. આ યુનિટમાં કુલ ૧૧ સભ્યો હશે. યુનિટની દર માસે એકવાર બેઠક બોલાવવાની રહેશે. તેમજ આજીવિકા મિશનના ઘટકવાર તેના અમલીકરણનું આયોજન તૈયાર કરવાનું રહેશે.





(તસવીર : કશ્યપ નિમાવત)

શુદ્ધ મધ - મધપૂડાનું શુદ્ધ મધ આજકાલ ગાંધીનગરના માર્ગો પર દેખાય છે... મધમાખીઓને પકડવાની કરામત ખૂબ સાવધાની પૂર્વક કરવી પડે છે અને તેમાંથી મધને જુદુ તારવવું એનાથી અઘરું છે... પરંતુ શુદ્ધ મધ માનવજાતના આરોગ્ય માટે ખૂબ જ ગુણાકારી છે... આયુર્વેદિકની મોટાભાગની દવાઓ મધ સાથે લેવાનું સુચવાય છે... મધ તંદુરસ્તી વર્ધક છે. મધ પાડવાની કામગીરી કરતા આ શ્રમિકોમાં અધભૂત આવડત જોવા મળે છે... મધ ઉછેર એ ગાંધીનગરના આસપાસના વિસ્તારોમાં એક ઉદ્યોગ તરીકે વિકસી રહ્યો છે... ગાંધીનગરના મુખ્ય માર્ગો પર તો તાજુ-તાજુ મધ કાઢી આપવા આ શ્રમિકો તૈયાર રહે છે... પરંતુ આજકાલ તો ગાંધીનગરની શેરીઓમાં પણ આ તાજુ મધ કાઢી આપતા શ્રમિકો જોવા મળી રહ્યા છે....

# ગાંધીનગરમાં ઠંડી ફરી વધી

## છેલ્લા ત્રણ-ચાર દિવસથી ઠંડીમાં રાહત હતી હવે પુનઃ ઠંડી વધતા વસાહતીઓ ગરમ વસ્ત્રોમાં વિંટળાયા

ગાંધીનગર, તા.૩

થોડાક દિવસ ઠંડીમાં રાહત રહ્યા બાદ ગઈ કાલે રાત્રે પુનઃ લઘુત્તમ તાપમાન ૧૪ ડિગ્રી સુધી પહોંચતા વસાહતીઓને ઠંડકનો અનુભવ થયો હતો. એક જ દિવસમાં દોઢ ડિગ્રી જેટલું તાપમાન ઘટતા વસાહતીઓ ગરમ વસ્ત્રોમાં લપેટાઈને પરતા જોવા મળ્યા હતા. ડીસેમ્બર માસ શરૂ થતાં જ ગાંધીનગરમાં ધીમે ધીમે ઠંડી વધવા માંડી છે. નવેમ્બર માસના અંતિમ દિવસોમાં સારી એવી ઠંડી પડી હતી. જો કે ગયા અઠવાડીયે ઠંડી થોડીક ઘટી હતી. લઘુત્તમ તાપમાન ૧૫ ડીગ્રીથી વધ્યું હતું. ગઈ કાલે લઘુત્તમ તાપમાન ૧૫.૫ ડિગ્રી સુધી પહોંચ્યું હતું. જો કે ગઈ કાલ રાતથી ઠંડા પવનો વધતા ઠંડી વધી હતી. લઘુત્તમ તાપમાન ૧૪.૦૦ ડિગ્રી સુધી પહોંચતા વસાહતીઓને ગરમ વસ્ત્રોમાં લપેટાવાની ફરજ પડી હતી. રાત્રે આઠ સાડા આઠે ઠંડી વધતા વસાહતીઓ ઘરમાં પુરાઈ ગયા હતા. મહત્તમ તાપમાન ૩૨ ડિગ્રી અને ભેજનું પ્રમાણ સવારે ૬૩ ટકા અને સાંજે ૩૮ ટકા રહ્યું હતું.

# ગાંધીનગર તાલુકાના નાળા રિપેરીંગ માટે બે કરોડથી વધુના કામો મંજૂર

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર તાલુકાના પાંચ જેટલા હયાત પુલ સાંકડા નાળાને સ્થાને બારમાસી પૂલોના નિર્માણમાટે રાજયના માર્ગ મકાન મંત્રીશ્રી નીતિન પટેલે રૂ. બે કરોડ ૪૫ લાખના કામોને બહાલી આપી છે.

ગાંધીનગર તાલુકાના સાદરા ગામે ટી.બી. સેનેટોરીયમ રોડ પર આવેલ નાળા માટે રૂ. એક કરોડ ત્રીસ લાખ મંજૂર કર્યા છે. આ ઉપરાંત સાદરા-માધવગઢ રોડ પરના નાળા માટે રૂ. ૭૦ લાખ, પોર-કુડાસણ માર્ગપરના નાળા માટે પાંચ લાખ તેમજ ભોંયણ રાઠોડ થી કલોલ રોડ પરના નાળા માટે રૂ. ૪૦ લાખ મંજૂર કર્યા છે.

ગાંધીનગર (દ)ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોરે આ અંગે કરેલી રજુઆતના સંદર્ભે મંત્રીશ્રી નીતિન પટેલે આ બહાલી આપી છે.

માર્ગ મકાન મંત્રીશ્રી નીતિન પટેલે આપેલ આ મંજૂરીને ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર, જિલ્લા પંચાયત પ્રમુખ હીનાબેન પટેલ, જિલ્લા પ્રમુખ નૈલેશ શાહ, ગુડાના ચેરમેન શ્રી અશોકભાઈ ભાવસાર, ખાદી બોર્ડના ચેરમેનશ્રી વાડીભાઈ પટેલ સહિતના આગેવાનોએ આવકારી છે અને મંત્રીશ્રી પ્રત્યે આભારની લાગણી વ્યકત કરી છે.

# કાકાનું તારાપુર ગામને ધારાસભ્ય શંભુજી ઠાકોરે દત્તક લીધુ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર(દ)ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોરે આદર્શ ગામ યોજના અંતર્ગત 'કાકાનું તારાપુર' ગામની પસંદગી કરી છે અને તેની જાણ જિલ્લાતંત્રને પણ કરી લીધી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ સાંસદો માટે અમલી બનાવેલ આદર્શ ગામ યોજના બાદ રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે કરેલી અપીલને પગલે શ્રી ઠાકોરે આ ગામની પસંદગી કરી છે.

ગાંધીનગર શહેરથી નજીક આવેલ ગામમાં બક્ષીપંચની વસ્તી વધુ છે. જો કે ગાંધીનગર-અડાલજ માર્ગ પર આવેલ ગામમાં સુવિધાઓના વિકાસ માટે જે ધ્યાન તંત્ર દ્વારા અપાવવુ જોઈએ તે અપાયુ નથી.

શ્રી ઠાકોરે આ ગામની પસંદગી કર્યા બાદ પ્રથમ કામ સ્વચ્છતા અભિયાનથી શરૂ કર્યુ છે. તેઓએ આ બાબતે ગ્રામજનો સાથે બેઠકોનો દોર પણ આરંભી દીધો છે તેમજ પ્રાથમિક સુવિધાઓને લઈ રજુઆતો પણ કરી દીધી છે.

સાંસદ દ્વારા આદર્શગામ માટે પાંચ વર્ષ આપવામાં આવ્યા છે પરંતુ ધારાસભ્યોની મુદત પૂર્ણ થવામાં ત્રણ વર્ષ બાકી છે પરંતુ આ ગામ આદર્શ બનાવવા માટે ગ્રામજનોમાં પણ ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.





જગ્યા ભાડે જોઈએ છે

ટ્યુશન ક્લાસીસ માટે ૩૫૦ થી ૪૦૦ સ્કે. ફૂટ જગ્યા ભાડે જોઈએ છે.

મો. : ૯૫૫૮૧૨૧૩૦૩








ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર

ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧




સમદર્શન આશ્રમ
ગાંધીનગર
આયોજીત



પ્રવક્તા : પૂજ્ય ગુરૂમા

જ્ઞાનયજ્ઞ

વિષય : ભજગોવિંદમ્

તારીખ : ૧૮ ડિસે. થી ૨૫ ડિસે. ૨૦૧૪
સમય : સાંજે ૬-૩૦ થી ૮-૦૦ કલાકે
સ્થળ : ખિમજી વિશ્રામ હોલ, કડી કેમ્પસ, સેક્ટર-૨૩, ગાંધીનગર

સમયસર ઉપસ્થિત રહેવા ભાવભીનું આમંત્રણ